| | | |
|---|---|---|
| | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (લ. ડ્ડ.)<br>જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, તળાજા જી. ભાવનગર | |

-::ટૂંકી મુદ્દતની જાહેર નિવિદા::-

આથી કુવો ગાળવાની કામગીરી કરતા સર્વે ઇસમોને જાણ કરવામાં આવે છે કે, " મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(લ.ડ્ડ.), જૂ. કૃ. યુ., તળાજા" ની કચેરી હસ્તકના ફાર્મ પર નીચેની વિગતે નવો કુવો ગાળવાની કામગીરી કરવાની છે.

| ક્રમ | કામગીરીની વિગત | અંદાજીત જથ્થો |
|---|---|---|
| ૧. | અત્રેના ફાર્મ પર જમીન લેવલથી ૭૦ ફૂટ ઉંડો તથા ૧૫ ફૂટ ગોળાઈ નો નવો ગોળ કુવો ગાળવાની કામગીરી | ૭૦ ફૂટ (ભાવ એક ફૂટ ઊંડાઈનો આપવો) |

ઉપરોક્ત વિગતેના ભાવો તમામ ટેક્ષ તથા કરવેરા સાથેના આપવાના રહેશે. તો રસ ધરાવતી પાર્ટીઓ/ઇસમોએ ભાવો જાહેર નિવિદા પ્રસિદ્ધ થયેથી દિવસ – ૨૧ સુધીમાં અત્રેની કચેરીમાં ફક્ત પોસ્ટ / સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. સદર કુવો ગાળવાની કામગીરી અંગેની શરતો, બોલીઓ અને અન્ય તમામ વિગતો જૂ.કૃ.યુ., જૂનાગઢની વેબસાઈટ www.jau.in પરથી મેળવી શકાશે.

જા.નં. જૂકૃયુ/મસંવૈ/ટેક-૨/ /૧૮

તળાજા તા. ૨૬/૧૨/૨૦૧૮

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (લ. ડ્ડ.)
કૃ.સં.કે., જૂ.કૃ.યુ., તળાજા (જી. ભાવનગર)

# -:: નવો કુવો ગાળવાની કામગીરીની શરતો ::-

૧. ભાવ તમામ ટેક્ષ / કરવેરા સાથેના આપવાના રહેશે તેમજ જો ટેક્ષની માહિતી અલગથી આપવામાં નહિ આવે તો બધા વેરા આપેલ ભાવમાં સમાવેશ થઇ ગયેલ છે, તેમ માની લેવામાં આવશે. તથા યુનિવર્સિટીના નિતિ-નિયમ મુજબ ટેક્ષની કપાત કરવામાં આવશે.

૨. અત્રેના ફાર્મ પર કચેરી તરફથી કહેવામાં આવે તે જગ્યા પર ૧૫ ફૂટ ગોળાઇ તથા જમીન લેવલથી પથ્થર આવે ત્યાં સુધી ૧૭ ફુટની ગોળાઇ (અંદાજીત ૧૦ ફૂટ ઊંડાઇ)સાથે, ૭૦ ફૂટ સુધી ઉંડાઇ કરવાની રહેશે. જેમાં ભાવ મંજુર થયે કોઇપણ જાતની દલીલ સાંભળવામાં આવશે નહિ.

૩. ભાવ ભરનાર પાર્ટીએ પોતાના જી. એસ. ટી. નંબર વગેરે માહિતી સાથે પોતાના લેટર પેડ પર ભાવ ભરવાના રહેશે. જી. એસ. ટી. નંબર વિનાની ભાવ ભરનાર પાર્ટીના ભાવ માન્ય ગણવામાં આવશે નહી.

૪. ભાવ સ્પેશીફીકિશન મુજબ ભરવાના રહેશે તેમજ શરતી ભાવ સ્વીકારવામાં આવશે નહિ.

૫. ભાવો મોડામાં મોડા સદર જાહેરાત વર્તમાન પેપરમાં પ્રસિધ્ધ થયેથી દિવસ – ૨૧ સુધીમાં ફક્ત ટપાલ/સ્પીડ પોસ્ટ થી પહોંચતા કરવાના રહેશે.

૬. આપના ભાવ સીલબંધ કવરમાં અને કવર ઉપર "નવો કુવો ગાળવાની કામગીરી" એમ લખી "મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, માર્કેટિંગ યાર્ડની બાજુમાં, તળાજા, જી. ભાવનગર" ના સરનામે મોકલી આપવાના રહેશે.

૭. ભાવ મંજુર થયેલ પાર્ટીએ ૫% ડીપોઝીટ સિક્યુરિટી પેટે "જે. એ. યુ., ફંડ એકાઉન્ટ, જૂનાગઢ" ના નામનો ડી.ડી. / ચેક કાઢી મોકલી આપવાનો રહેશે, જે કામગીરી પુર્ણ થયા બાદ વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૮. બીલનું ચૂકવણું યુની. ના નિયમોનુસાર કામગીરી પૂર્ણ થયા બાદ જ કરવામાં આવશે. તેમજ વચ્ચેના સમયગાળામાં કોઈ પણ જાતના એડવાન્સ કે ઉપાડ આપવામાં આવશે નહિ.

૯. આપેલ ભાવ આપ્યાની તારીખથી ૩ મહિના સુધી બંધનકર્તા રહેશે.

૧૦. નવો કુવો ગાળવાની સઘળી કામગીરી દરમ્યાન આ કામગીરીમાં રોકાયેલ મજુરોને કોઈપણ પ્રકારની જાનહાની, શારીરિક / માનવ ઈજા, અકસ્માત કે અકસ્માતમાં મૃત્યુ સહિતની કોઈપણ પ્રકારનું અચાનક નુકશાન કે અનહોની થશે તો તેમની સંપૂર્ણ જવાબદારી ભાવ ભરનાર પાર્ટી/ ઇસમ ની રહેશે. આ અંગેની કોઇ જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહિ. તેમજ જે અન્વયે સ્ટેમ્પ પેપર પર લખાણ કરી આપવાનું રહેશે. કુવો ગાળવાની કામગીરીમાં કામ કરતા માણસોનો વિમો સદર પાર્ટીએ ઉતારી તેની રસીદ આ કચેરીને જમા કરાવવાની રહેશે.

૧૧. કુવો ગાળવામાં જો ટોટા ફોડવાના હોય તો તે અંગેની મંજુરી, પરમીશન કે તેનાથી થતા નુકશાનની સંપૂર્ણ જવાબદારી કામ રાખનાર પાર્ટી/ ઇસમની રહેશે.

૧૨. કુવો બનાવતી વખતે ગાળેલા કૂવા માંથી પાણી ઉલેચવા ચાલુ સ્થિતિમાં સબમર્શીબલ પંપ, પાઈપ આ કચેરી તરફથી આપવામાં આવશે જેનું ફીટીંગ ઓપરેટીંગ કુવો ગાળનાર પાર્ટી એ કરવાનું રહેશે–તેમજ કામ પુર્ણ થયેથી સદરહુ વસ્તુઓ ચાલુ સ્થિતિમાં પરત કરવાની રહેશે.

૧૩. નવો કુવો ગાળવા જરૂરી સાધનો, વસ્તુઓ કુવો ગાળનાર પાર્ટીએ લાવવાની રહેશે, જે અત્રેની કચેરી તરફથી કોઈપણ પ્રકારની સહાય, સગવડ, સાધન, વસ્તુ આપવામાં આવશે નહિ.

૧૪. અત્રેની કચેરી તરફથી વર્ક ઓર્ડર આપ્યાની તારીખ થી ૧ (એક) માસમાં કામગીરી પૂર્ણ કરી દેવાની રહેશે.

૧૫. ભાવ માન્ય રાખવો કે ન રાખવો તે સત્તા નીચે સહી કરનાર અધિકારીની મર્યાદામાં રહેશે.

સ્થળ : તળાજા
તારીખ : ૨૬/૧૨/૨૦૧૮

**મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(લ. ડું)**
**કૃષિ સંશોધન કેન્દ્ર,**
**જૂ.કૃ.યુ., તળાજા**